ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ

**રાજ્યમાં વધુ ૧૨૫૪૫ નવા કેસ : ગાંધીનગરમાં ૩૦૨ : અમદાવાદમાં ૩૯૫૭**

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫૬ ૭ મે, ૨૦૨૧, શુક્રવાર; ચૈત્ર વદ - ૧૧ પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# સ્થિતિ ગંભીર : નવા ૪.૧૨ લાખ કેસ

### દેશમાં ૨૪ કલાકમાં કોરોનાએ ૩૯૮૦ લોકોનો ભોગ લીધો : કુલ મૃત્યુનો આંકડો ૨,૩૦,૧૬૮ પર પહોંચી ગયો છે, અત્યાર સુધીમાં ૧૬,૨૫,૧૩,૩૩૯નું રસીકરણ



નવી દિલ્હી,તા.૫

ભારતમાં કોરોનાની બીજી લહેર ભયંકર જોખમી જોવા મળી રહી છે. હાલાત બદથી બદતર થઈ રહ્યા છે અને નવા કેસ મામલે વધારો થવાની સાથે સાથે મોતના આંકડામાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે. કોવિડ-૧૯ના નવા કેસે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા ૪.૧૨ લાખથી વધુ કેસ નોંધાયા છે જ્યારે ૩૯૦૦થી વધુ મોત થયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોના વાયરસના નવા ૪,૧૨,૨૬૨ દર્દીઓ નોંધાયા છે. એક દિવસમાં ૩,૨૯,૧૧૩ દર્દીઓ રિકવર પણ થયા છે. જો કે મોતનો આંકડો સતત વધી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ ૨૪ કલાકમાં કોરોનાએ ૩૯૮૦ લોકોનો ભોગ લીધો છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો ૨,૩૦,૧૬૮ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૧૬,૨૫,૧૩,૩૩૯ લોકોનું રસીકરણ કરાયું છે.

સરકારના મેથમેટિકલ મોડલિંગ એક્સપર્ટ પ્રોફેસર એમ.વિદ્યાસાગરનું કહેવું છે કે કોરોના વાયરસનો પીક આ અઠવાડિયે પોતાના પીક પર રહી શકે છે અને બીજી લહેરનો પીક ૭મી મેના રોજ થઈ શકે છે. ત્યારબાદ કોવિડ-૧૯ના કેસમાં ઘટાડો જોવા મળશે.

## બેંગલુરૂની સ્થિતિ દિલ્હી જેવી, એક દિવસમાં ૨૩૦૦૦થી વધુ કેસ

### કોરોનાના કારણે કર્ણાટકની સ્થિતિ ખૂબ ખરાબ, રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૦૦૦૦થી વધુ નવા કેસ થયા

નવી દિલ્હી, તા. ૬

દેશમાં કોરોનાની બીજી લહેર વચ્ચે કેન્દ્ર સરકારે ત્રીજી લહેર અંગે ચેતવણી જાહેર કરી છે. સરકારના પ્રિન્સિપલ સાયન્ટિફિક એડવાઈઝર વિજય રાઘવનના કહેવા પ્રમાણે કોરોનાની ત્રીજી લહેર પણ ચોક્કસ આવશે. વાયરસનું સંક્રમણ તેના સૌથી ઉંચા લેવલ પર છે. ત્રીજી લહેર ક્યારે આવશે અને તે કેટલી ખતરનાક હશે તે હજુ નક્કી નથી થઈ શક્યું પરંતુ આપણે તેના માટે તૈયાર રહેવું પડશે. આ બધા વચ્ચે કોરોનાએ દક્ષિણ ભારતમાં ફરી એક વખત ગતિ વધારી છે. છેલ્લા ૨૪ કલાકમાં દક્ષિણ ભારતના માત્ર ૪ રાજ્યોમાંથી કોરોનાના ૧,૩૭,૫૭૯ નવા કેસ સામે આવ્યા હતા અને ૬૫૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪,૧૨,૨૬૨ નવા કેસ સામે આવ્યા ત્યાર બાદ કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨,૧૦,૭૭,૪૧૦ થઈ ગઈ છે. સાથે જ ૩,૯૮૦ નવા મૃત્યુ સાથે કુલ મૃતકઆંક ૨,૩૦,૧૬૮ થયો છે.



કોરોનાના કારણે કર્ણાટકની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૦,૦૦૦થી વધારે નવા કેસ સામે આવ્યા છે. ગત વર્ષે થયેલી મહામારીની શરૂઆત બાદ પ્રથમ વખત બુધવારે કર્ણાટકમાં એક જ દિવસના સર્વાધિક કેસ અને મૃતકઆંક નોંધાયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૦,૧૧૨ નવા કેસ સામે આવ્યા છે.

# દેશમાં સંપૂર્ણ લોકડાઉનના ભણકારા

### કોરોનાની ત્રીજી લહેરની ચેતવણી વચ્ચે દેશમાં લોકડાઉની વિચારણા : કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના હેડ પોલે નેશનલ લોકડાઉનના ઓપ્શન અંગે ચર્ચા ચાલી રહી હોવાની માહિતી આપી, અનેક રાજકીય પક્ષોની લોકડાઉનની માગ

નવી દિલ્હી, તા. ૬

ભારતમાં કોરોનાની બીજી લહેર તબાહી મચાવી રહી છે ત્યારે શું ભારત સરકાર સંપૂર્ણ લોકડાઉન લગાવવા વિચાર કરી રહી છે તેવો સવાલ થઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આવી કોઈ સંભાવનાનો ઈનકાર નથી કરવામાં આવ્યો. નીતિ આયોગના સદસ્ય વીકે પૉલે બુધવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નેશનલ લોકડાઉનના ઓપ્શન અંગે ચર્ચા ચાલી રહી હોવાની માહિતી આપી હતી. વીકે પૉલ નેશનલ કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના હેડ છે એ કારણે પણ તેમનું નિવેદન મહત્વનું બની રહે છે. તેમણે કહ્યું હતું કે, 'વર્તમાન સ્થિતિને લઈ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. સાથે જ જો પ્રતિબંધોની વાત કરીએ તો જો આકરા પ્રતિબંધોની જરૂર પડશે તો હંમેશા ઓપ્શન પર ચર્ચા થાય છે, આ સંજોગોમાં જે નિર્ણયની જરૂર પડશે તે લેવામાં આવશે.

## આરએલડીના સુપ્રીમો અજિત સિંહનું કોરોનાથી અવસાન

નવી દિલ્હી, તા. ૬

રાષ્ટ્રીય લોકદળ (આરએલડી) અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ચૌધરી અજિત સિંહનું અવસાન થયું છે. તેઓ કોરોના સંક્રમિત હતા. મંગળવારે રાતે ૮૬ વર્ષીય અજિત સિંહની તબિયત ખૂબ જ બગડી ગઈ હતી અને તેમને ગુરૂગ્રામ ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જાણવા મળ્યા મુજબ ફેફસામાં સંક્રમણ વધી જવાના કારણે અજિત સિંહની સ્થિતિ નાજુક થઈ ગઈ હતી. પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહના દીકરા ચૌધરી અજિત સિંહ ૭ વખત બાગપતથી સાંસદ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રહી ચુક્યા છે. અજિત સિંહના અવસાન બાદ બાગપત સહિત પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં શોકની લહેરખી વ્યાપી છે. જાટ સમુદાયના મોટા નેતાઓમાં ચૌધરી અજિત સિંહની પણ ગણના થતી હતી.

## કેરળમાં ૮થી ૧૬ મે સુધી ફૂલ લોકડાઉન લાદવામાં આવ્યું

કોચી, તા.૬

કેરળ સરકારે આજે રાજ્યમાં ફુલ લોકડાઉનની જાહેરાત કરી દીધી છે. આ લોકડાઉન ૮ મેથી ૧૬ મે સુધી અમલમાં રહેશે. રાજ્યમાં બીજા રાઉન્ડમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે, ત્યારે સંક્રમણની ચેઈનને તોડવા સરકારે લોકડાઉનનો નિર્ણય લીધો છે. ગઈકાલે કેરળમાં ૪૧,૯૫૩ કેસ સામે આવ્યા બાદ છેલ્લા વિકલ્પ તરીકે લોકડાઉનની જાહેરાત કરાઈ છે. તેનો અમલ શનિવારે સવારે છ વાગ્યાથી શરુ થશે.

આ અગાઉ પણ કેરળમાં કેટલાક કડક નિયંત્રણો અમલમાં હતા જ, જેમાં લોકોના કારણ વિના ટ્રાવેલ કરવા ઉપરાંત ઓફિસમાં અડધા સ્ટાફને જ આવવાના નિયમોનો સમાવેશ થાય છે. જોકે, આ નિયંત્રણો છતાંય કોરોનાના ડેઈલી કેસોનો આંકડો ઘટવાનુ નામ ના લઈ રહ્યો હોવાના કારણે સરકારની હેલ્થ એક્સપર્ટ કમિટિ ઉપરાંત પોલીસ ડિપાર્ટમેન્ટે પણ ઓછામાં ઓછું એક સપ્તાહ માટે ફુલ લોકડાઉન લાગુ કરવાની સલાહ આપી હતી. કેરળનો સમાવેશ હાલ દેશના સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યોમાં થાય છે. અહીં હાલની તારીખે ૩.૭૫ લાખ જેટલા એક્ટિવ કેસ છે.

## બાળકો સંક્રમિત થશે તો શું કરશો?, શું છે ઈમરજન્સી પ્લાન : સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૬

સુપ્રીમ કોર્ટમાં ગુરૂવારે ફરી એક વખત દિલ્હીના ઓક્સિજન સંકટ અને કોરોનાની સ્થિતિ અંગે સુનાવણી થઈ હતી. આ દરમિયાન સર્વોચ્ચ અદાલતે કોરોનાની ત્રીજી લહેરને લઈ ચિંતા વ્યક્ત કરી હતી અને અત્યારથી જ તે માટે તૈયારીઓ કરવા પર ભાર મુક્યો હતો.

સુનાવણી દરમિયાન જસ્ટિસ ચંદ્રચૂડે ટિપ્પણી કરતા કહ્યું કે, જો કાલે સ્થિતિ વધુ બગડે અને કોરોનાના કેસ વધે તો તમે શું કરશો. રિપોર્ટ્સ પ્રમાણે ત્રીજી લહેરમાં બાળકો પર પણ પ્રભાવ પડી શકે છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ત્રીજી લહેરમાં શું કરવું જોઈએ તેની તૈયારી અત્યારે જ કરવી પડશે, યુવાનોને વેક્સિન આપવી પડશે, જો બાળકો પર અસર વધશે તો કઈ રીતે સંભાળીશું કારણ કે બાળકો તો એકલા હોસ્પિટલ ન જઈ શકે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આજે આશરે ૧.૫ લાખ એવા ડોક્ટર્સ છે જે એક્ઝામની તૈયારી કરી રહ્યા છે. આશરે ૨.૫ લાખ નર્સ ઘરે બેઠી છે. આ એ જ લોકો છે જે ત્રીજી લહેર વખતે તમારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવશે. માર્ચ ૨૦૨૦થી સ્વાસ્થ્ય કર્મીઓ કામ કરી રહ્યા છે.

## ભાવભીની અંજલિ



**તુષાર (ભાઈલો) વિનાયકપ્રસાદ દેસાઈ**

(પાંચ બહેનોનો ભાઈ ૫/૫ વિદાય થયો)

નાનું બાળક હોય કે ઘરના વડીલ તમામની ખબર અંતર પૂછનારો અમારો 'ભાઈલો'
પોતે કાયમ તકલીફમાં રહ્યો પણ બીજાને
ભનક પણ ના પડવા દીધી એ હતો અમારો 'ભાઈલો'
દુનિયામાં જૂજ વ્યક્તિત્વ હોય છે જે હરહંમેશ પોતાના હોય કે
પારકા બસ ઈચ્છે તો બીજાનું માત્ર હિત એવો અમારો 'ભાઈલો'
ક્યારેય કોઈ ફરિયાદ નહીં, ક્યારેય કોઈ શંકા નહીં,
ક્યારેય કોઈ સવાલ નહીં, એવો હતો અમારો 'ભાઈલો'
હંમેશા હિંમ્મત આપનાર, હંમેશા આપણી ચિંતા કરનાર
ને હંમેશા પ્રોત્સાહન આપનાર હતો અમારો 'ભાઈલો'
ગઈકાલે અમારી પડખે ઉભનાર આજે અચાનક
'હતો' શબ્દ પડખે ઉભો છે અમારો 'ભાઈલો'
તું જ્યાં રહે સદાય આનંદની સુવાસ ફેલાવતો રહે.
પણ હા આજીવન અમારા હૃદયમાં વસી ગયો તું 'ભાઈલો'

લિ.
ઉષાકાન્ત ભાલચંદ્ર વસાવડા
સ્વાતિ ઉષાકાન્ત વસાવડા

શ્રદ્ધાદીપ ડાયેગ્નોસ્ટીક્સ
કોરોનાના લીધે હૃદય પર થતી અસર અને આડઅસરના નિદાન માટે કેમ્પ
● હૃદયની તપાસ ● ECG ● ECO ● TMT ● ડોક્ટર કન્સલ્ટેશન
Dr. Bonny Gajjar
Consultant-International Cardiology
8980009499 • 9409583530
પ્લોટ નં. ૩૨૮, ૩૨૯, સેક્ટર-૧૬,
આઈસીઆઈસીઆઈ બેન્કની પાછળ, ગાંધીનગર
Date : 9th May, 2021 • Time : 9 A.m. to 1 P.M.

મધુર કેસર કેરી
100% કાર્બાઈડ ફ્રી
તલાળા-ગીરના ખેડૂતોએ પકવેલ રસમધુર
અસલી કેસર કેરી
કોરોના સામે ટકવા વિટામીન-સીથી ભરપૂર કેરી જે આપણી ઈમ્યુન સીસ્ટમને પણ મજબૂત કરે છે.
આવતીકાલ ૮મી મેથી...
તમામ મધુર-અમૂલ પાર્લર ઉપર ઉપલબ્ધ
કેરીથી કોરાના સંક્રમણ અટકાવવા મધુર ગ્રાહકોને નમ્ર નિવેદન
૧.કેરીને ખરીદતી વખતે સુંઘશો નહિ કે વધુ અડકશો નહિ.
૨.છૂટક કરતા બોક્ષમાં પેક કેરી ખરીદવાનો આગ્રહ રાખો.
૩.કેરીને બોક્ષમાંથી કાઢી ગરમ હુંફાળા પાણીમાં ધોઈ નાખો.

FIGHT CORONA
Maunil Shah
M. 90998 72551
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available